નાયબ વન સંરક્ષકશ્રીની કચેરી
વલસાડ દક્ષિણ વન વિભાગ- વલસાડ
જિલ્લા સેવા સદન -૨, ત્રીજો માળ, તીથલ રોડ,
વલસાડ -૩૯૬૦૦૧

સત્યમેવ જયતે

E-mail: dcfvalsadsouth16@gmail.com

Tel No.: (02632) 253809
Fax. : (02632) 259680

ક્રમાંક : બ/પરચા/ઢ/ 1150 /૨૦૨૨-૨૩
વલસાડ, તા. 1-૦૨-૨૦૨૩.

વિષય :-ઝાડેશ્વર ચેકિંગ નાકા તથા અંકલેશ્વર નાકાને કાયમી ધોરણે બંધ કરવા બાબત.
સંદર્ભ :- ૧. તેમના પત્રાંક:અ/પાસ/૭૦૪, તા.૨૭/૦૧/૨૦૨૩.
૨. અત્રેના પત્રાંક: બ/મલવ/ટ/૬૪૧૩-૧૮, તા.૦૭/૦૧/૨૦૨૩.

આથી પરિક્ષેત્ર વન અધિકારીશ્રી વાપીએ તેઓના સંદર્ભ-૧ થી જણાવેલ છે કે, તેમની રેંજ કચેરી હસ્તકના ઉદવાડા ખાતે આવેલ ચેકીંગ નાકાને વાહતુક પાસ આપવાનો કોઇ હુકમ કરવામાં આવેલ નથી, તેમજ " અત્રેના ઉદવાડા ચેકીંગ નાકા પરથી ગુજરાત રાજય બોર્ડર હોય દમણ માટે વાહતુક પાસ આપવામાં આવે છે, હાલે મે. નાયબ વન સંરક્ષકશ્રીની મૌખિક સુચના મુજબ વાહતુક પાસ આપવામાં આવે છે " તેવું જણાવી ઉદવાડા નાકા પરથી વાહતુક પાસ આપવા માટેના યોગ્ય હુકમ કરવા વિનંતી કરેલ છે.

સદર બાબતે ગુજરાત રાજય બહાર જતા વન પેદાશના વાહતુક માટે અગ્ર મુખ્ય વન સંરક્ષકશ્રી, ગુજરાત રાજય, ગાંધીનગરના પત્ર ક્રમાંક:પ્રોટેકશન/૩૬-ટ/બ/૨૩૯૭-૨૪૨૭ થી જરૂરી સુચનાઓ આપવામાં આવેલ છે. જે બાબતે અત્રેના સંદર્ભ-૨ થી તમોને જાણ પણ કરવામાં આવેલ છે.

આમ,સંદર્ભ-૨ થી સ્પષ્ટ સુચના આપેલ હોવા છતાં, તમો દ્વારા વેપારીઓને વાહતુક પાસ ન આપવાના કારણોસર તેઓ દ્વારા અત્રે રજૂઆત કરતાં મૌખિક સુચના આપવા નીચે સહી કરનારને ફરજ પડેલ. વધુમાં સંદર્ભ-૨ થી આપેલ સુચનાઓ સ્વયં સ્પષ્ટ હોવા છતાં, તમો ગેઝેટેડ અધિકારી હોવા છતાં સાથે જ મૂળભૂત નિયમો જાણ્યા/સમજ્યા વગર અત્રેથી મોકલેલ પત્રોનો કોઇપણ પ્રકારે અભ્યાસ વગર બિનજરૂરી પત્રવ્યવહાર કરી સરકારશ્રીની " Ease of doing Business " પોલીસીનું પાલન કરેલ નથી. જે ખૂબ જ ગંભીર બાબત છે અને ભવિષ્યમાં સદર બાબતે તકેદારી રાખવા નોંધ લેવી.

વધુમાં જણાવવાનું કે, દમણ એ કેન્દ્રશાસિત પ્રદેશ છે અને સદર વિસ્તારમાં ગુજરાત રાજય માંથી પ્રવેશ કરવા " ઉદવાડા " એ છેલ્લું નાકું આવેલ છે. જેથી ઉકત સંદર્ભ-૨ હેઠળના પત્ર તેમજ તેની સાથેના સામેલ ઠરાવથી સ્વયં સ્પષ્ટ છે કે, તેમાં આપેલ સુચનાઓ આ નાકા માટે પણ લાગુ પડે છે. વધુમાં વાહતુક પાસ આપવા માટે સંદર્ભિત ઠરાવથી " Index A " માં દર્શાવેલ આધાર/પુરાવાઓ વેપારીઓ/ખેડૂત/ સોમીલ ધારકો દ્વારા રજૂ થયેથી વાહતુક પાસ આપવાનો રહે છે, માટે સદર બાબતે બિનજરૂરી પત્રવ્યવહાર ન કરતાં સંદર્ભ-૨ હેઠળના પત્રથી સામેલ ઠરાવમાં આપવામાં આવેલ સુચનાઓ મુજબની કાર્યવાહી કરવા નોંધ લેવી.

નાયબ વન સંરક્ષક
વલસાડ દક્ષિણ

પ્રતિ,
પરિક્ષેત્ર વન અધિકારીશ્રી,
વાપી.